SERIAL NO.: 5121
BOOK NO.: A
DATE: 06/09/2021

N. A. SEVAK
NOTARY
GOVT OF INDIA

No. 46795

Spl. C/C/BPT 2.

## Registration Certificate

This is to certify that the below mentioned Public Trust has been properly registered in the Public Trust registration office at Ahmedabad as per the year 1950. Mumbai Public Trust Act. (1950, Mumbai-20)

Name of Public Trust: Harikrishna Swarup Education Trust

Registration No. of Public trust – E/22474/Ahmedabad who has been Added - Mirani Hetal Kirankumar Issued under my signature on today i.e. Date 28 month 03 year 2019.

NOTARY PUBLIC
N. A. SEVAK
THROUGHOUT
GUJARAT STATE
REG. NO. 2077 / 02
EXPIRY DATE
07-02-2022
GOVERNMENT OF INDIA

Sign

Deputy Charity Commissioner

Dist. - Ahmedabad

NOTARIAL NOTARIAL NOTARIAL NOTARIAL NOTARIAL

NOTARIAL NOTARIAL NOTARIAL NOTARIAL NOTARIAL

This is true and Correct Translation of the Original Documents from Gujarati Into English

NOTARY

NAVIN A. SEVAK
ADVOCATE & NOTARY
F-6, MANGALMURTI COMPLEX
NATIONAL HIGHWAY GHODASAR
AHMEDABAD-380050
Ph.:(M) 98240-.. 377-

06 SEP 2021

NOTARY
N.A. SEVAK
THROUGHT
GUJARAT STATE
REG. NO.
2077
GOVERNMENT OF INDIA

Spl. C/C/BPT 2.

No. 46795

# નોંધણીનો દાખલો

આથી દાખલો આપવામાં આવે છે કે હેઠળ જણાવેલા સાર્વજનિક ટ્રસ્ટને સને ૧૯૫૦ ના મુંબઈના સાર્વજનિક ટ્રસ્ટો બાબતના (સન ૧૯૫૦ ના મુંબઈના ૨૯ માં) અધિનિયમ અન્વયે ..........અમદાવાદ.......... ખાતેની સાર્વજનિક ટ્રસ્ટ નોંધણી કચેરીમાં યોગ્ય રીતે નોંધવામાં આવ્યું છે.

સાર્વજનિક ટ્રસ્ટનું નામ હરિકૃષ્ણ સ્વરૂપ એજ્યુકેશન ટ્રસ્ટ

સાર્વજનિક ટ્રસ્ટોના રજિસ્ટરમાંનો નંબર ઈ/૨૨૪૧૪/અમદાવાદ

કોને દાખલો આપ્યો તે મિરાણી હેતલ કિરણકુમાર

મારી સહીથી આજ તારીખ ૨૬ માહે 03 સને ૨૦૧૯ને દિને આપ્યો

સહી

NOTARIAL NOTARIAL

NOTARIAL NOTARIAL

# હરિકૃષ્ણ સ્વરૂપ એજ્યુકેશન ટ્રસ્ટ

૧૬, ઓમ અંબિકા સોસાયટી, શેલ પટ્રોલ પંપની ગલીમાં, જવાહરચોક, મણિનગર, અમદાવાદ-૮

## ટ્રસ્ટડીડ

આ ટ્રસ્ટ સ્થાપનાનો દસ્તાવેજ ટ્રસ્ટડીડ આજરોજ તા. /૦૫/૨૦૧૮ ના રોજ અમો એકતરફવાળા હેતલબેન કિરણકુમાર મિરાણી, ઉ.વ.આ.પુખ્ત, ધંધો-સમાજસેવા, રહે. ૧૬, ઓમ અંબિકા સોસાયટી, શેલ પટ્રોલ પંપની ગલીમાં, જવાહરચોક, મણિનગર, અમદાવાદના જેમને હવે પછીથી સેટલર તરીકે ઓળખવામાં આવશે અને...

બીજીતરફવાળા : (૧) મિરાણી હેતલ કિરણકુમાર
ઉ.વ.આ.પુખ્ત, ધંધો-સમાજસેવા,
૧૬, ઓમ અંબિકા સોસાયટી, શેલ પટ્રોલ પંપની ગલીમાં,
જવાહરચોક, મણિનગર, અમદાવાદ.

H.K. Mirani K.V. Mirani

(૨) મિરાણી કિરણકુમાર વાડીલાલ
ઉ.વ.આ.પુખ્ત, ધંધો-સમાજસેવા,
૧૬, ઓમ અંબિકા સોસાયટી, શેલ પટ્રોલ પંપની ગલીમાં,
જવાહરચોક, મણિનગર, અમદાવાદ.

(૩) પુજારા ભારતીબેન દુર્ગાપ્રસાદ
સી-૨૦૪, દેવકૃપા હાઇટસ, મણિરત્નમ બંગલોઝ પાસે,
વાસણા, અમદાવાદ.

(૪) મિરાણી ધ્રુવિન કિરણકુમાર
૧૬, ઓમ અંબિકા સોસાયટી, શેલ પટ્રોલ પંપની ગલીમાં,
જવાહરચોક, મણિનગર, અમદાવાદ-૮

NOTARY PUBLIC
M. A. SEVAK
THROUGHOUT
GUJARAT STATE
REG NO. 2077/02
EXPIRY DATE
17-02-2022
GOVT. OF INDIA

(૧) ની વચ્ચે એક પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટની સ્થાપના માટે આ ટ્રસ્ટીડીડ ઘડવામાં આવે છે અને સેટલર અમારી સહી કરી જાહેર કરીએ છીએ કે આ ટ્રસ્ટીડીડથી અમલમાં આવનાર ટ્રસ્ટી ફેરવી ન શકાય તેવું પબ્લીક ચેરીટેબલ હેતુઓવાળું રહેશે.

(૨) આ ટ્રસ્ટીના સેટલર હેતલબેન કિરણકુમાર મિરાણીએ પોતાની સ્વપાર્જીત મેળવેલ મિલકતમાંથી રૂ. ૧૦૦૧-૦૦ અંકે રૂપિયા એક હજાર એક પુરા જુદા કાઢીને આ ટ્રસ્ટને અર્પણ કરેલ છે. આ રકમ પર હવે પછીથી એમનો કે એકના વાલી વારસોનો કોઇ લાગભાગ, હકક, હિસ્સો કે અધિકાર રહેશે નહીં અને તે ટ્રસ્ટની મિલકત ગણાશે. આ મિલકત બીજીતરફવાળાઓએ ટ્રસ્ટની મિલકત તરીકે સ્વીકાર કરી તેમની સંમતિની સહીઓ આ દસ્તાવેજ હેઠળ કરેલ છે.

(૩) આ દસ્તાવેજથી અમલમાં આવનાર ટ્રસ્ટનું નામ, હેતુઓ અને અનુગામી ટ્રસ્ટીઓ નિમવાની રીત તેમજ આ ટ્રસ્ટના હેતુઓ બર લાવવા માટેની વ્યવસ્થા, શરતો અને નિયમો નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| (અ) આ ટ્રસ્ટનું નામ | :- | હરિકૃષ્ણ સ્વરૂપ એજ્યુકેશન ટ્રસ્ટ |
| (બ) કાર્યક્ષેત્ર | :- | સમગ્ર ભારત દેશ રહેશે. |
| (ક) ટ્રસ્ટની કચેરી | :- | ૧૬, ઓમ અંબિકા સોસાયટી, શેલ પટ્રોલ પંપની ગલીમાં, જવાહરચોક, મણિનગર, અમદાવાદ. |

(૪) હેતુઓ

(૧) આ ટ્રસ્ટ સમગ્ર ગુજરાત રાજય તથા ભારત દેશમાં વસતા માનવ જાતના કલ્યાણ માટે કાર્યશીલ રહેશે.

(૨) આ ટ્રસ્ટ નાત, જાત, ઉંચ, નીંચ, ગરીબ, તવંગર, ધર્મ, વર્ણ કે અન્ય કોઇપણ જાતના ભેદભાવ વગર દરેક વ્યક્તિઓના હિતમાં અસ્તિત્વમાં આવેલું છે.

(૩) સદરહુ સંસ્થા દ્વારા બૌધ્ધિક, નૈતિક, શારીરીક અને સંસ્કારનો વિકાસ થાય તે માટે સાર્વજનિક કેળવણીનો ફેલાવો કરવો.

(૪) શૈક્ષણિક વિકાસ માટે કેળવણી વિષયક સંસ્થાઓ જેવી કે, જુનીયર કે.જી., સીનીયર કે.જી., પ્રાથમિક શાળા, માધ્યમિક શાળા, બાલવાડી, આંગણવાડી, આર્ટસ, કોમર્સ, કોલેજો, પી.ટી.સી. કોલેજો, પ્રૌઢ શિક્ષણના વર્ગો, ઘોડીયાઘર, રાત્રી શિક્ષણના વર્ગો, સ્પોર્ટસ સંકુલ, સ્પોર્ટસ કલબ, પીકનીક

H.K. Mirani

હાઉસ, એડવેન્ચર પાર્ક, આનંદ નગરી, ટેકનીકલ સ્કુલો, અધ્યાપન મંદિરો, કુમાર-કન્યા છાત્રાલયો, આશ્રમશાળાઓ, ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ, સૈનિક સ્કુલો વગેરે સ્થાપવા, ચલાવવા અને નિભાવવા તથા આવી પ્રવૃત્તિઓ કરતી સંસ્થાઓને મદદ કરવી.
સંસ્થાઓને મદદ કરવી.

૫) કોઈપણ નાત, જાતના ભેદભાવ વગર શિક્ષણ લેતા વિદ્યાર્થીઓને સંસ્થા તરફથી નોટબુકો, પુસ્તકો, ગાઈડો વગેરેની જરૂરીયાતવાળાને મદદ કરવી તથા જરૂરીયાતવાળાને સ્કોલરશીપ આપવી તેમજ વિદ્યાર્થીઓને ઈનામ આપવા, ઉચ્ચ અભ્યાસ કરવા માંગતા જરૂરીયતાવાળા વિદ્યાર્થીઓને ટ્રસ્ટીની મર્યાદામાં મદદ કરવી.

૬) વિદ્યાર્થીઓના વિકાસ અર્થે કોમ્પ્યુટર શિક્ષણના વર્ગો ચલાવવા અને વિદ્યાર્થીઓને કોમ્પ્યુટરનું શિક્ષણ અને તાલીમ આપવી, ટયુશન વર્ગો ચલાવવા.

૭) સર્વાંગી વિકાસ માટે રોજગારલક્ષી તાલીમ કેન્દ્ર ખોલવા અને તેવા તાલીમ કેન્દ્રોમાં વિવિધ પ્રકારની તાલીમ આપવી અને તેને લગતા પ્રકાશનો બહાર પાડવા તેમજ વ્યાખ્યાનો અને પ્રવચનો કરવા.

૮) વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે પુસ્તકાલયો સ્થાપવા, ચલાવવા અને નિભાવવા તેમજ મેગેઝીન, તેને લાગતી આનુસાંગિક પ્રવૃત્તિઓ ચલાવવી અને નિભાવવી.

૯) આ સંસ્થા જ્ઞાનના પ્રચાર અર્થે જ્ઞાનશીબીરો, વ્યાખ્યાનો, પ્રવચનો અને મેળાવડાઓનું આયોજન કરશે, કરાવશે. સાધુ સંતોને ભોજન, નિવાસની વ્યવસ્થા કરશે. પગપાળા નીકળેલા યાત્રિકો માટે ભોજન, ચા-પાણી, ગરમ પાણી, નિવાસની સગવડ કરશે.

૧૦) પ્રકૃતિ પ્રકોપ જેવા કે આગ, અતિવૃષ્ટિ, ભુકંપ અને દુષ્કાળ વગેરે જેવા વ્યાપક જાનમાલ હાનીના પ્રસંગે કાર્ય હાથ ધરવા અસરગ્રસ્તોને સહાય કરવી અથવા સંસ્થાએ મેળવેલ ફરજરૂપે કાર્ય કરવા.

૧૧) ગાયો માટે ઘાસચારો, ખાણ, પક્ષીઓ માટે ચણ, પાણી, દવા વિગેરેની વ્યવસ્થા કરવી.

૧૨) પશુ-પક્ષીઓની મેડીકલ સારવાર કરાવવા પશુ મેડીકલ ચેકઅપ કેન્દ્રો ખોલવા અને તેમાં પશુ-પક્ષીઓની સારવાર કરવી તેઓને દવાની સગવડ પુરી પાડવી.

૧૩) રખડતા, ભટકતા ઢોરોને ગૌશાળાઓમાં આશરો આપવો. કતલખાને જતા ઢોરોને અટકાવવાની પ્રવૃત્તિઓ કરવી અને જીવદયાની તમામ પ્રવૃત્તિઓ કરવી.

૧૪) કન્યા કેળવણી માટે કન્યા શાળાઓ, સ્કુલો, મહિલા કોલેજો શરૂ કરવી તેમજ તેનું સંચાલન કરવું અને નિભાવવું. અનાથ કે વૃધ્ધ સ્ત્રીઓ, શોષિત કન્યાઓ, વિધવા, ત્યકતા, નિરાધાર સ્ત્રીઓ વગેરેના કલ્યાણ માટેની પ્રવૃત્તિઓ કરવી.

૧૫) સમાજમાં મહિલાઓનું જીવન ધોરણ સુધારવા પ્રયત્ન કરશે. મહિલા અને બાળ વિકાસ મંત્રાલય તરફથી થતી પ્રવૃત્તિ કરશે. વિધવા, નિરાધાર મહિલાઓને સહાય કરવી.

૧૬) કુદરતી સંકટ જેવા કે પ્રકૃતિ પ્રકોપ, આગ, અતિવૃષ્ટિ વગેરે જેવા વ્યાપક જાનમાલ હાનીના પ્રસંગે કે આગ તથા રમખાણ સમયે ભોગ બનેલા લોકોને મદદરૂપ તેમજ જરૂરીયાતવાળી વ્યકિતઓને આનાજ, કપડા, તેમજ અન્ય સહાય કરવી અને કરાવવી.

૧૭) અનાવૃષ્ટિ, અતિવૃષ્ટિ જેવા કુદરતી સંકટ સમયે પશુઓને ઘાસચારો, ખોરાક પુરો પાડવો. ટ્રસ્ટની મર્યાદામાં રહીને અબોલ પશુઓ જેવા કે ગાય, ભેંસ વગેરે માટે ઘાસચારો, ખાણ, દવા તથા કેટલ વગેરેની વ્યવસ્થા કરવી, કરાવવી.

H.K. Mirani

૧૮) આરામગૃહ, હોલ, ધર્મશાળા, કુવા, હવાડા, પાણીની પરબો વગેરે બાંધવા.

૧૯) આરોગ્ય નિદાન કેમ્પો યોજવા, રક્તદાનની પ્રવૃત્તિઓ હાથ ધરવી, રાહતદરે મેડીકલ ટ્રીટમેન્ટ મળી રહે તેવી વ્યવસ્થા કરવી.

૨૦) જાહેર સ્વાસ્થ્યની જાળવણી માટે સમાજના લોકો માટે દવાખાનાઓ, હોસ્પિટલો, નર્સિંગહોમ, કન્સલ્ટીંગ રૂમ, લેબોરેટરીઓ, હેલ્થ સેન્ટરો, વગેરે સ્થાપવા, ચલાવવા અને નિભાવવા કે આવી સેવાઓ માટે સહાય કરવી અને તેને પ્રોત્સાહન આપવું તથા લોકોને એમ્બ્યુલન્સ વાનની સવલત ટ્રસ્ટની મર્યાદામાં રહીને પુરી પાડવી. ગરીબ દર્દીઓ તેમજ તેમના સગાઓને ટીફીનની વ્યવસ્થા કરવી.

૨૧) ઉપરોક્ત હેતુઓ બર લાવવા તેને આનુસંગિક તમામ પ્રવૃત્તિઓ હાથ ધરી શકાશે.

૫) ટ્રસ્ટીઓની સંખ્યા:-

આ ટ્રસ્ટના ટ્રસ્ટીઓની સંખ્યા ઓછામાં ઓછી ત્રણ અને વધુમાં વધુ નવની રહેશે.

(૬) પ્રથમ ટ્રસ્ટીઓ:-

| | | |
|---|---|---|
| (1) | મિરાણી હેતલ કિરણકુમાર | મેનેજીંગ ટ્રસ્ટી |
| (2) | મિરાણી કિરણકુમાર વાડીલાલ | ટ્રસ્ટી |
| (3) | પુજારા ભારતીબેન દુર્ગાપ્રસાદ | ટ્રસ્ટી |
| (4) | મિરાણી ધ્રુવિન કિરણકુમાર | ટ્રસ્ટી |

(૭) ટ્રસ્ટીમંડળની ખાલી પડતી જગ્યા અંગે:-

આ ટ્રસ્ટના હાલના પ્રથમ મેનેજીંગ ટ્રસ્ટી અને અન્ય પ્રથમ ટ્રસ્ટીઓ આજીવન ટ્રસ્ટી છે. સિવાય કે મેનેજીંગ ટ્રસ્ટી કે અન્ય ટ્રસ્ટીઓમાંના કોઇનું મૃત્યુ, રાજીનામા કે અન્ય કોઇ કરાણસર જગ્યા ખાલી પડે તો બાકી ના ટ્રસ્ટીઓ બહુમતીથી લાયક વ્યક્તિની ખાલી પડેલ જગ્યા ઉપર ટ્રસ્ટી કે મેનેજીંગ ટ્રસ્ટી તરીકે નિમણુંક કરશે. આવી ખાલી પડેલ જગ્યા ઉપર નિમાયેલ મેનેજીંગ ટ્રસ્ટી કે ટ્રસ્ટીની મુદત આજીવન રહેશે. હયાત ટ્રસ્ટીઓ બહુમતીથી વધારાના ટ્રસ્ટીઓની નિમણુંક મહત્તમ મર્યાદાને આધિન રહીને કરશે. આ રીતે વધારાના ટ્રસ્ટી તરીકે નિમાયેલ ટ્રસ્ટીની મુદત આજીવન રહેશે. મેનેજીંગ ટ્રસ્ટી તથા અન્ય ટ્રસ્ટીઓના રાજીનામા બાકી રહેતા ટ્રસ્ટીઓ બહુમતીથી મંજુર કરશે.

(૮) ટ્રસ્ટની મિલકત અંગે:-

આ ટ્રસ્ટની સ્થાવર તથા જંગમ મિલકત જે તે વખતના ટ્રસ્ટીઓમાં સંપ્રાપ્ત થશે.

(૯) મેનેજીંગ ટ્રસ્ટીની સત્તા અને ફરજો:-

(૧) મેનેજીંગ ટ્રસ્ટી ટ્રસ્ટીમંડળની મીટીંગ બોલાવશે, આવી મીટીંગમાં પ્રમુખ સ્થાને રહેશે અને મીટીંગનું સંચાલન કરશે.

(2) કોઇ સમયે મીટીંગમાં સરખા મત પડે ત્યારે મેનેજીંગ ટ્રસ્ટીને કાસ્ટીંગ વોટ આપવાનો અધિકાર રહેશે.

H.K. Mirani K.V. Mirani

(૧૪) ઠરાવો અને ઠરાવબુકઃ-

ટ્રસ્ટીમંડળની મીટીંગમાં થયેલા ઠરાવો બહુમતીથી મંજુર કરશે અને તેને ઠરાવબુકમાં લખવામાં આવશે જેની નીચ મેનેજીંગ ટ્રસ્ટી અને અન્ય ટ્રસ્ટીઓએ સહી કરવાની રહેશે. અસામાન્ય સંજોગોમાં ઠરાવ સરક્યુલર ફેરવીને પણ કરી શકાશે.

૧૫) બેન્ક એકાઉન્ટઃ-

બેન્કનું ખાતુ મેનેજીંગ ટ્રસ્ટી અથવા અન્ય બે ટ્રસ્ટીઓની સંયુક્ત સહીથી ખોલાવશે અને તેની નાણાંકીય લેવડદેવડ કરવામાં આવશે.

૧૬) હિસાબી વર્ષઃ-

આ ટ્રસ્ટનું હિસાબી વર્ષ ૧ લી એપ્રિલથી ૩૧ મી માર્ચ આખરનું રહેશ.

૧૭) સમિતિઓઃ-

જયારે જયારે જરૂર પડે ત્યારે ટ્રસ્ટીમંડળ આ ટ્રસ્ટના કામ માટે મદદરૂપ થવા માટે વ્યવસ્થાપક કે સલાહકાર સમિતિ જેવી અન્ય સમિતિઓ નીમી શકશે. આવી સમિતિઓનું વિસર્જન પણ કરી શકશે. આવી સમિતિઓમાં અધ્યક્ષ તરીકે હમેશા મેનેજીંગ ટ્રસ્ટી જ રહેશે.

(૧૮) ફેરફારઃ-

આ ટ્રસ્ટડીડની કોઈપણ કલમમાં ફેરફાર, સુધારો, વધારો કરવાનો પ્રસંગ ઉભો થાય ત્યારે બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એક્ટ ૧૯૫૦ ના કાયદાને આધિન રહીને ટ્રસ્ટીઓ સર્વાનુમતે ફેરફાર, સુધારો વધારો કરી શકાશે.

(૧૯) વિસર્જનઃ-

બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એક્ટ ૧૯૫૦ ની જોગવાઈને આધિન કોઈ અનિવાર્ય સંજોગોના કારણે આ ટ્રસ્ટનું વિસર્જન અથવા બંધ કરવાની જરૂરાત ઉભી થાય તો તેવા સંજોગોમાં ટ્રસ્ટની મિલકત કોઈપણ ટ્રસ્ટી, સેટલર, દાતા, અન્ય મેમ્બર અથવા ટ્રસ્ટ બનાવનારને ન મળતા ટ્રસ્ટના દેવા-લેણા અને જવાબદારીઓનો નિકાલ કર્યા બાદ જે સ્થાવર અને જંગમ મિલકતો બાકી રહે તેની વ્યવસ્થા પ્રવર્તમાન કાયદાને આધિન રહીને આ ટ્રસ્ટના હેતુઓ સાથે સુસંગત હોય તેવી કામ કરતી કોઈપણ જાહેર સંસ્થાને સોંપણી કરીને ટ્રસ્ટનું વિસર્જન અથવા બંધ કરી શકશે.

અમો ઉપરોક્ત દસ્તાવેજના પક્ષકારોએ સહી શુધ્ધ બુધ્ધિથી સારી માનસિક હાલતમાં સમજી વિચારીને કરલે છે જે અમોને સર્વેને કબુલ, મંજુર અને બંધનકર્તા છે.

રીખ: ૨૪ /૦૫/૨૦૧૮
થળ: અમદાવાદ.



ાકતરફવાળા:-

H.R. Mirani
મેરાણી હેતલબેન કિરણકુમાર

ીજીતરફવાળા:-

૧) મિરાણી હેતલ કિરણકુમાર વાડીલાલ — H.R. Mirani

૨) મિરાણી કિરણકુમાર વાડીલાલ — K.V. Mirani

૩) પુજારા ભારતીબેન દુર્ગાપ્રસાદ — ભારતી. ડી. પુજારા

૪) મિરાણી ધ્રુવિન કિરણકુમાર — D. Mirani

સાક્ષી:-

(૧) વાડીલાલ એમ. કારીયા — V.M. Kariya

(૨) સંદીપ એમ. પટેલ — S. Patel

SOLEMNLY AFFIRMED
BEFORE ME

N. A. SEVAK
NOTARY
GOVT. OF INDIA

2 4 DEC 2018

NOTARY
N.A. SEVAK
THROUGHT
GUJARAT STATE
REG. NO.
2077
GOVERNMENT OF INDIA